## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આપણે પીવાવાળા હંમેશા સરકારની સાથે ચાલ્યા છીએ... દારૂનાં ભાવ, હપ્તા ગમે તેટલા વધે આપણે કોઈ દી સરકારને સાચૂ ખોટું કહ્યું નથી...!!

# યોગ દિવસની ઉજવણીમાં શહેરના ૪૦૨૫ વિદ્યાર્થીઓ જોડાશે

### અમદાવાદ ખાતે યોજનારા કાર્યક્રમમાં શહેરની શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ ભાગ લેશે

ગાંધીનગર, તા.૧૫

આગામી તા.૨૧ જુનના રોજ અમદાવાદ ખાતે આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ સ્થિત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે યોજાનારી યોગ દિવસની ઉજવણીમાં વિશાળ સંખ્યામાં નાગરીકો ભાગ લેશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૪૦૨૫ જેટલા વિદ્યાર્થી યોગ દિવસની ઉજવણીમાં સામેલ થશે. શહેરની તેમજ આસપાસની શાળાઓના આ વિદ્યાર્થીઓ સહિત શિક્ષકો પણ યોગ નિદર્શન કાર્યક્રમમાં ભાગ લેશે.

આગામી ૨૧ જુનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને અનુલક્ષીને જરુરી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ગુજરાતમાં આ ઉજવણી અન્વયે અમદાવાદ યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે રાજયકક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં સામુહિક યોગ નિદર્શન સાથે યોગ સાથે સંકળાયેલા રેકોર્ડને બ્રેક કરી નવો રેકર્ડ સ્થાપિત કરવા પણ સાધકો ઉત્સાહ દાખવશે. આ માટે યોગ જરુરી પ્રેકટીસ પણ કરી રહ્યા છે. રાજયકક્ષાના આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાંથી નાગરીકો પણ ઉત્સાહભેર ભાગ લેશે.જયારે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શાળાના વિદ્યાર્થીઓ પણ યોગ દિવસની ઉજવણીમાં સામેલ થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં શહેર તેમજ જિલ્લાની ૨૦ શાળાઓના ૪૦૨૫ વિદ્યાર્થીઓ પણ જોડાશે. આ ઉપરાંત શાળાના આચાર્યો અને શિક્ષકો પણ આ ઉજવણીમાં સામેલ થશે.

# વોર્ડ ૪ માં અખાદ્ય ચીજોનો વેપાર કરતા ઈસમો સામે પગલાં લેવા કાઉન્સીલરની માંગ

### તંત્રએ સે. ૨૪માં જ ૬૪૦૦નો દંડ વસુલ્યો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં વધતા જતા પાણીજન્ય રોગચાળાને લઈ આજે વોર્ડ નં. ૪ના કાઉન્સીલર પ્રવિણાબેન દરજીએ તેમના વોર્ડમાં અખાદ્ય ચીજોના ચાલતા વેપાર સામે તાત્કાલિક કાર્યવાહી કરવા લેખિતમાં રજુઆત કરી છે.

મળેલી ફરિયાદને આધારે તંત્રએ સે. ૨૪માં અખાદ્ય ચીજોનો વેપાર કરતા ઈસમો પર ધોંસ બોલાવી હતી. આજે એક જ દિવસમાં ૬૭ જેટલા ઈસમોને રૂ. ૬૪૦૦ નો દંડ ફટકારી અને વસુલાત મેળવી હતી એટલુ જ નહિ ૭૮ કિલો જેટલી અખાદ્ય ચીજોનો નાશ પણ કર્યો હતો.

ગાંધીનગર શહેરમાં અખાદ્ય ચીજોનુ ધૂમ વેચાણ ચાલી રહ્યુ છે અને તંત્ર હવે હરકતમાં આવતાં આ વેપારીઓ પણ ફફડી ઉઠ્યા છે. આગામી દિવસોમાં આ ઝુંબેશ સઘન બનાવાશે તેમ જાણવા મળેલ છે.

# સરકારી મધ્યસ્થ મુદ્રણાલયમાં એપ્રેન્ટિસશીપ માટે ભરતી કરાશે

### ૩૦ જૂન ૨૦૧૭ સુધીમાં અરજી કરવી

સરકારી મધ્યસ્થ મુદ્રણાલયમાં ઓફસેટ મશીન માઈન્ડરની બિન અનામતની ૦૧ તેમજ બુક બાઈન્ડરની અનુસૂચિત જાતિની ૦૧, અનુસૂચિત જનજાતિની ૦૩ અને બિન અનામતની ૧૬ એમ કુલ ૨૧ જગ્યાઓ માટે

૩ વર્ષની તાલીમી મુદત માટે એપ્રેન્ટિસશીપ માટે ભરતી કરવામાં આવશે. આ એપ્રેન્ટિસશીપની ભરતીમાં ઓફસેટ મશીન માઈન્ડર માટેની શૈક્ષણિક લાયકાતમાં વિજ્ઞાન વિષય સાથે એસ.એસ.સી.પાસ તેમજ બુક બાઈન્ડર માટે ધોરણ ૯ પાસ કરેલુ હોવું જોઈએ. દરેક ટ્રેડ માટે ઉંમર તા.૧૫/૭/૨૦૧૭ના રોજ ૧૪ વર્ષથી ઓછી નહી અને ૨૧ વર્ષથી વધુ હોવી જોઈએ. બુક બાઈન્ડર તેમજ ઓફસેટ મશીન માઈન્ડર ટ્રેડમાં આઈ.ટી.આઈ. પાસ કરેલ હશે તેને ૧ વર્ષની છૂટ આપવામાં આવશે અને આગલા વર્ષમાં પ્રવેશ મળશે. સંબંધિત ઉમેદવારોએ જન્મ તારીખનો દાખલો, અભ્યાસની માર્કશીટ અને જરૂરી લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત કરેલ નકલો સાથે તા.૩૦-૦૬-૨૦૧૭ સુધીમાં શ્રેયાન વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ઘ-૭ સર્કલની નજીક, સે-૨૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૯ ને મળે તે રીતે અરજી કરવાની રહેશે. ઈન્ટરવ્યુ માટે ઉમેદવારે પોતાના સ્વ-ખર્ચે હાજર થવાનું રહેશે. પસંદ થયેલ ઉમેદવારોને નિયત કરેલ સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવશે તેમ સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.



કુપોષણ મુક્ત ગુજરાત અભિયાનના ત્રીજા તબક્કાનો જિલ્લામાં આજે રાંધેજા ખાતે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ આરંભ કરાવ્યો હતો. અભિયાનના પ્રથમ દિવસે જ જિલ્લામાં ચાર હજારથી વધુ બાળકોનું સ્કીનીંગ કરવામાં આવ્યું હતું. તસવીરમાં ઈન્ચાર્જ મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હરેશ ત્રિવેદી નજરે પડે છે.

## શીખ સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત યુનિવર્સિટી



અમદાવાદ દ્વારા એપ્રિલ માસમાં લેવાયેલ ટી.વાય.બીકોમની પરિક્ષામાં યુનિવર્સિટીમાં શીખ સિમરન ભુપેન્દ્રસીંગે ચોથો ક્રમ મેળવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. શીખ સિમરને કોલેજ તેમજ સમાજનું ગૌરવ વધાર્યું છે. તે બદલ કોલેજ પરિવાર અને સમાજના આગેવાનોએ સિમરનને શુભેચ્છાઓ પાઠવી છે

## ખેડૂત હિતરક્ષક મંડળે આવેદનપત્ર આપ્યુ

ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળે આજે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને મળી ખેડૂતોના ૮ જેટલા મહત્વના પ્રશ્નોના તાત્કાલિક ઉકેલ માટે આવેદનપત્ર આપ્યુ છે. આ આવેદનપત્રમાં ખેડૂત પેન્શન આપવા સહિત વીજદરમાં ઘટાડો કરવા, મીટર પ્રથા નાબુદ કરવા જેવા પ્રશ્નો રજુ કરવામાં આવ્યા છે.

# કલોલ તાલુકાના નાદરી ગામમાં ૨૫ લાખના ખર્ચે નિર્માણ પામેલા પંચાયત ભવન અને બોરનું લોકાર્પણ કરાયુ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નાદરી ગામના નવીન પંચાયત ભવન અને નવીન બોરનું લોકાર્પણ જિલ્લા પ્રભારી મંત્રી અને મહિલા અને બાળ કલ્યાણના રાજય મંત્રી ડાૅ. નિર્મલાબેન વાધવાણી અને સાંસદ જયશ્રીબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. ૨૫ લાખના ખર્ચે નવીન પંચાયત ભવન અને બોરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે જિલ્લા પ્રભારી મંત્રી ડાૅ. નિર્મલાબેન વાધવાણીએ જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી નિતીનભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારમાં ગામડાઓમાં રોડ, રસ્તા, પીવાનું પાણી, વીજળી સાથે સાથે ભૂગર્ભ ગટરલાઈનની સુવિધા આપવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત આજે રાજયના ગામડાઓમાં ઘરે ઘરે શૌચાલય બનાવવામાં આવી રહ્યા છે. રાજયનો ૭૦ ટકાથી વધુ વિસ્તાર ઓ.ડી.પી. જાહેર કરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૧૯માં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ સુધીમાં સ્વચ્છ ભારતનું નિર્માણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ સ્વચ્છ ભારત નિર્માણ અભિયાનમાં આપ સૌનો સાથ જરૂરી છે, તેવું કહી સર્વે ગ્રામજનોને પોતાનું ઘર, ફળિયું અને મોહલો સ્વચ્છ રાખવાથી શું ફાયદા થશે તેની વિસ્તૃત વાત કરી હતી. તેમણે વિધવા સહાય, સેવાસેતું, પ્રગતિ સેતું, શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ જેવા અનેક કાર્યક્રમ અને યોજનાઓની પણ વિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે ગામની ૯ મહિલાઓને ઉજવલા યોજના અંતર્ગત ગેસ કનેકશન અને નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા ગામના વિવિધ મંડળોને રમત ગમતના સાધનોની કિટ્સ આપવામાં આવી હતી. કાર્યક્રમના આરંભ સ્વાગત પ્રવચન જિલ્લા પંચાયતના સદસ્ય જયેશભાઈ ચૌધરીએ કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ નહેરૂ યુવા કેન્દ્રના યુથ કો ઓડિનેટર સુથારે કરી હતી. આ પ્રસંગે ગામના સરપંચ પરેશ બારોટ, પ્રાંત અધિકારી કે.વી. ભાલોડિયા, તાલુકા વિકાસ અધિકારી પટેલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.






ગાંધીનગર જિલ્લામાં કુપોષણ મુકત ગુજરાત અભિયાન અંતર્ગત ચિલોડા ખાતે આંગણવાડીના નાના ભુલકાંને આશાવર્કર અને આંગણવાડી કાર્યકરોની મદદથી તમામ બાળકોનું વજન, ઉંચાઈ અને બાવળાના મધ્યભાગનો ઘેરાવો અંગેની કામગીરી કરવામાં આવી હતી. અતિ કુપોષણવાળા બાળકોને અલગ કરી મેડીકલ ઓફિસર દ્વારા વેરીફીકેશન કરી તબીબી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં પેટા આરોગ્ય કેન્દ્રના ફીમેલ હેલ્થ ઓફિસર કે.એસ. પટેલે કામગીરી સંભાળી હતી. કુપોષિત બાળકોને બાલ અમૃતમ પોષક આહારના પેકેટ આપવામાં આવ્યા હતા.



**જેસીઆઈ-જેસીરેટ વીંગ દ્વારા મહિલાઓ માટે બ્લડ ચેકઅપ કેમ્પ યોજાયો**

સવારથી સાંજ સુધી પોતાના બાળકો, ફેમિલી તથા નોકરીમાં વ્યસ્ત રહેતી સ્ત્રી પોતાના સ્વાસ્થ્ય માટે જાગૃત રહે તે જરુરી છે. જેસીઆઈની સ્ત્રીઓ માટે કાર્યરત જેસીરેટ વીંગ દ્વારા ૩૦ બહેનોના લોહીના અલગ અલગ ટેસ્ટ કરવામાં આવ્યા. જેમાં હિમોગ્લોબીન, કેલ્શિયમ, યુરિક એસિડ, કોલેસ્ટ્રોલ, સુગર, લિવીર અને કીડનીના ટેસ્ટનો પણ સમાવેશ થાય છે. આ કેમ્પમાં સૌરભ જોશી દ્વારા બ્લડ કલેકશન કરવામાં આવ્યું હતું. ટેસ્ટના પરિણામ આવ્યા બાદ પ્રમુખ ડૉ. પરાગી ગાંધી દ્વારા બધા જ બહેનોને રીપોર્ટથી માહિતગાર કરવામાં આવ્યા અને તેમણે પોતાના સ્વાસ્થ્ય માટે કેવી કાળજી રાખવી તે પણ જણાવ્યું હતું.

# ગાંધીનગર તાલુકા પંચાયત દ્વારા ત્રિ-દિવસીય તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર તાલુકા પંચાયત ખાતે સરકારશ્રીની એસ.આઈ.આર.ડી. (રાજય ગ્રામ વિકાસ સંસ્થા) દ્વારા રાજયના તમામ જિલ્લામાં જી.પી.ડી.પી. (ગ્રામ પંચાયત ડેવલોપમેન્ટ પ્લાન)ની તાલીમ શરુ કરેલ છે. જેમાં ગામના સરપંચ-ઉપસરપંચ, સભ્યશ્રી જીપીડીપી સમિતિના તમામ સભ્યોને તાલીમ અંતગર્ત વજાપુરા, વાંકાનેરડા, વલાદ, વડોદરા તથા ચિલોડાના તાલીમાર્થીઓને તમામ વિકાસ કામો અને ચોકકસ આયોજન દ્વારા ગામના સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્નો હાથ ધરી સરકારના વિકાસને સાચા અર્થમાં પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી શ્રીમતી રમીલાબેન એમ. પરમારે અંગત લક્ષ આપી તાલીમાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. તાલીમ કાર્યક્રમનું તાલુકા કક્ષાએ મદદનીશ તાલુકા વિકાસ અધિકારી મુકેશભાઈ દવેએ સફળ સંચાલન કર્યું હતું. તમામ તાલીમની વ્યવસ્થાને ધ્યાનમાં લઈ માસ્ટર ટ્રેનર શ્રી બ્રહ્મભટ્ટે તથા નિકુંજભાઈ રાવલે તાલીમાર્થીઓને વધુને વધુ વિકાસલક્ષી યોજના સંદર્ભે માહિતગાર કર્યા હતા.



**ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળા ખાતે યોગ સપ્તાહની ઉજવણી**

તાલુકાના ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળા ખાતે યોગ સપ્તાહની ઉજવણી અંતર્ગત શાળાના પટાંગણમાં વ્યાયામ શિક્ષક પ્રિતેશભાઈ પટેલની રાહબરી હેઠળ શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સહિત યોગાસન અને પ્રાણાયામ દ્વારા ઉજવણી કરી હતી. યોગ શિબિરમાં ૪૫૦ વિદ્યાર્થીઓએ યોગમાં ઉત્સાહભેર શિસ્તબધ્ધ રીતે યોગાસન કરી ભાગ લીધો હતો. આ યોગ શિબિરમાં શાળાના આચાર્યા ચીમનભાઈ પટેલ, વિજ્ઞાન શિક્ષક હસમુખભાઈ પટેલ, ગણિત શિક્ષક અતુલભાઈ પટેલ વગેરેએ ભાગ લીધો હતો.

# ગાંધીનગર ખાતે કેરિયર ગાઈડન્સ અંગે સેમિનાર યોજાયો

યુનિટી ઓફ ગાંધીનગર અને જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આંબેડકર હોલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે તા.૧૧/૬/૧૭ના રોજ કેરિયર ગાઈડન્સ અંગે સેમિનાર યોજવામાં આવ્યો હતો.

આ સેમિનારના મુખ્ય મહેમાન પદેથી આઈ.આઈ.એસ. શ્રી ઉત્સવભાઈ પરમારે જી.પી.એસ.સી., યુ.પી.એસ.સી. સહિત જુદી-જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અંગે વિસ્તૃત માર્ગદર્શન પુરુ પાડ્યુ હતું.

આ પ્રસંગે ITI, NICM, DA-IICT, જે.એમ.ચૌધરી કોલેજ, કડી વિશ્વ વિદ્યાલય, SSIU, Panacha Academy, Aerostar jet Training Academy, Vihan Overseas, Right Direction, Vivo health સહિતની જાણીતી સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસલક્ષી જાણકારી સાથે કારકિર્દી ઘડતર અંગે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ટી.વી. આર્ટીસ્ટ શ્રી જનકભાઈ ઠક્કરે ફિલ્મ તથા ટેલીવિઝન ક્ષેત્રે કારકિર્દી બનાવવા માર્ગદર્શન આપ્યું હતું જ્યારે કુમારી અદિતીએ ધ્યાન અને યોગ વિશેની જાણકારી આપી હતી. આ સેમિનારમાં યુનિટી ઓફ ગાંધીનગર દ્વારા માહિતી ખાતા દ્વારા પ્રકાશિત ગુજરાત રોજગાર સમાચારના કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૭નું વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

## ધણપ આદર્શ સંસ્કાર તીર્થ ખાતે પ્રવેશોત્સવ યોજાયો

રાજયમાં ત્રિદિવસીય કન્યા કેળવણી અને પ્રવેશોત્સવ નિમિત્તે તાલુકાના ધણપ ગામે આવેલ આદર્શ સંસ્કાર તીર્થના પટાંગણમાં ડી.આર.ડી.એ.ના ઓફિસર શ્રીમતી અમિતાબેન તથા સ્કાઉટ કમિશનર રતિભાઈ સી.જોષી શાળાના આચાર્યા હિતેન્દ્રસિંહ રાઠોડ તથા સ્કાઉટ ગાઈડના તાલીમાર્થીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે મહાનુભાવોએ પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## જાહેર નિવિદા

પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા, ખેડૂત તાલીમ કેન્દ્ર, સેક્ટર-૧૫, ગાંધીનગર (૦૭૯-૨૩૨૪૩૮૫૩) દ્વારા વર્ષ : ૨૦૧૭-૧૮માં ખેડૂતોના પ્રવાસ માટે લકઝરી બસના ભાવ, જિલ્લામાં યોજાતા કૃષિલક્ષી વિવિધ કાર્યક્રમો દરમિયાન ખેડૂતોને ભોજન પુરું પાડવા તથા મંડપ ડેકોરેશન અંગેના ભાવ મંગાવવામાં આવે છે. રસ ધરાવતી પાર્ટીઓને કચેરીમાંથી રૂ. ૫૦૦/- ચૂકવ્યેથી ટેન્ડર ફોર્મ તા. ૨૨/૬/૨૦૧૭ના રોજ બપોરે ૧૨.૦૦ કલાક સુધી મળશે તેમજ ભરેલ ટેન્ડર તા. ૨૩/૬/૨૦૧૭ના રોજ સવારે ૧૧.૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીએ પહોંચતા કરવાના રહેશે.

**પ્રોજેક્ટ ડાયરેક્ટર - આત્મા પ્રોજેક્ટ, સેક્ટર-૧૫, ગાંધીનગર**

## રી-ટેન્ડરીંગ જાહેર નિવિદા

વર્ષ : ૨૦૧૭-૧૮

**ગાંધીનગર મહાનગરપાલિકા**

**બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે મુજબના કામ કરવા પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઈ-ટેન્ડર દ્વારા ભાવો મંગાવવામાં આવે છે.

| ટે.નં. | કામનું નામ | સંખ્યા | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|---|
| ૧૩ | ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર માટે નીલકમલ કંપની બ્રાન્ડ મોડેલ નંબર ૨૦૫૧ પ્લાસ્ટીક ખુરશી ખરીદ કરવા બાબત. | - | રૂ. ૧૫૦૦/- | રૂ. ૧,૧૨,૦૦૦/- |

ટેન્ડર ફોર્મ તા. ૧૬/૬/૨૦૧૭ સાંજે ૪.૦૦ વાગેથી તા. ૨૯/૬/૨૦૧૭ સુધી સમય ૧૮.૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ : www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે. ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનિકલ બીડ અને ટેન્ડર માટે ટેન્ડર ફીની રકમ તથા બાનાની રકમ (ઈ.એમ.ડી.)ના ડીમાન્ડ ડ્રાફ્ટ એફ.ડી.આર. તા. ૩૦/૬/૨૦૧૭ સમય ૧૬.૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. અને તા. ૩૦/૬/૨૦૧૭ સમય : ૧૭.૦૦ કલાકે ખોલવામાં આવશે. ઓનલાઈન ભાવો ઓપનીંગ ક્વૉલીફાઈડ બીડરને જાણ કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૧૫/૬/૨૦૧૭
માહિતી/૭૬૪/૧૭-૧૮

સહી/-
નાયબ મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા